<u>પ્રેસનોટ – તા.૨૪/૧૧/૨૦૨૨</u>

**<u>અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ પાસા હેઠળ કાર્યવાહી કરતા, પ્રોહી બુટલેગર ઇસમને પાસા હેઠળ વડોદરા મધ્યસ્થ જેલ ધકેલતી અમરેલી પોલીસ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** દ્વારા રેન્જના જિલ્લાઓમાં આગામી વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ અનુસંધાને જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો તથા ગેરકાયદેસર દારૂની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ આગામી વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ અનુસંધાને અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર-ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃતિ કરતાં દારૂના ધંધાર્થી ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, અને વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ દરમ્યાન તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઇ શકે તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ના પો.ઇન્સ.શ્રી** નાઓએ પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઇસમ **શાંતીભાઇ વિક્રમભાઇ બોરીયા, ઉ.વ.૩૫, રહે.લુવારા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી** વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

આવા દારૂના ધંધાર્થી ઇસમની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સાહેબ**નાઓએ દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર ઇસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઇસ્યું કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા શાંતીભાઇ વિક્રમભાઇ બોરીયાને પાસા વોરંટની બજવણી કરી, **વડોદરા મધ્યસ્થ જેલ** ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

➡ <u>દારૂના ધંધાર્થી શાંતીભાઇ વિક્રમભાઇ બોરીયાનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

(૧) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૦૦૪૫૬/૨૦૨૨૦, આઇ.પી.સી. કલમ ૨૧૨, તથા પ્રોહી. કલમ ૬૬(૧)બી, ૮૫(૧), ૮૬, ૮૧, ૮૩, ૮૪, ૬૫(એ), ૬૫(એ)(એ), તેમજ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)એ, ૨૫(૧-બી)(એ), ૨૫(૯), ૨૭(૨) અને જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ.

(૨) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૩૨૦૦૪૬૭/૨૦૨૦, આઇ.પી.સી. કલમ ૨૬૯, ૨૭૦, ૧૮૮, તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૫૧(બી) મુજબ.

(૩) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૨૨૨૦૪૬૩/૨૦૨૨, પ્રોહી. કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ.

(૪) જેસર પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૧૧૧૯૮૦૨૫૨૨૦૩૪૫/૨૦૨૨ પ્રોહી. કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ.

આમ, દારૂના ધંધાર્થી અને પ્રોહિબીશનની પ્રવૃતિ કરતાં પ્રોહી. બુટલેગર ઇસમ સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, જેલ હવાલે કરી, અસામાજિક પ્રવૃતિ કરતાં ઇસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.





**<u>પ્રેસનોટ – તા.૨૪/૧૧/૨૦૨૨</u>**

**<u>અમરેલી જિલ્લાનાં જાફરાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારનાં કેરાળા ગામેથી ગેરકાયદેસર કપાસનાં વાવેતર સાથે ગાંજાનાં છોડનું વાવેતર</u>**

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા જરૂરી સુચનાં આપવામાં આવેલ હોય, તથા એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓએ એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત કોસ્ટલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનનાં હદ્દ વિસ્તારનાં કેરાળા ગામનાં રહીશ નારણભાઇ કરશનભાઇ સાંખટ, રહે.કેરાળા, તા.જાફરાબાદ, જિ.અમરેલીવાળો પોતાના કબ્જા ભોગવટાના વાડી/ખેતરમાં ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપી ઃ-</u>

નારણભાઇ કરશનભાઇ સાંખટ, ઉ.વ.૬૬, રહે. કેરાળા, ડાભી શેરી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

<u>કબ્જે કરેલ મુદ્દામાલ ઃ-</u>

ગેર કાયદેસર પાસ પરમીટ વગર વનસ્પિત જન્ય લીલા ગાંજાના છોડ નંગ-૪૮ કુલ વજન ૧૭ કિલો ૧૩૯ ગ્રામ, કિ.રૂ.૮૫,૬૯૫/- તથા એક મોબાઇલ ફોન-૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ કિ.રૂ.૮૬,૧૯૫/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે મજકુર ઈસમને વધુ તપાસ અર્થે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા એક ઈસમને કપાસની આડમાં ગાંજાનાં છોડનાં વાવેતર સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

## <u>પ્રેસનોટ – તા.૨૭/૧૧/૨૦૨૨</u>

## <u>વૃધ્ધ દંપતી પર હુમલો કરી લુંટ કરતી વધુ એક ગેંગ ઝડપાઇ</u>

## <u>ચિતલ ગામે લુંટ દરમ્યાન જાનથી મારી નાંખવાની કોશિષ સહિત આઠ ચોરીઓના ગુન્હાઓ ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

⇨ **<u>ગુન્હાઓની વિગતઃ-</u>**

(૧) ગઇ તા.૧૮/૦૯/૨૦૨૨ ની રાત્રિના અમરેલી તાલુકાના ચિત્તલ ગામે આદેશનગરમાં રહેતાં નાથાભાઇ લક્ષ્મણભાઇ મીરોલીયા, ઉ.વ.૬૩ વાળા પોતાના પત્ની સાથે પોતાના રહેણાંક મકાનની ઓસરીમાં સુતા હતાં, તે વખતે ત્રણ અજાણ્યા આરોપી ઇસમોએ ગુન્હાહિત કાવત્રુ રચી, લુંટ કરવાનો પોતાનો સમાન ઇરાદો પાર પાડવા પ્રાણઘાતક હથિયાર ધારણ કરી, નાથાભાઇના રહેણાંક મકાને વંડી ટપી, ગુપ્ત ગ્રુહ અપપ્રવેશ કરી, લુંટ કરવા જતાં નાથાભાઇ તેમજ તેમના પત્ની જાગી જતાં, એક ઇસમે નાથાભાઇનું મોઢુ દબાવી, જાનથી મારી નાખાવાના ઇરાદે નાથાભાઇને માથાના ભાગે તથા ડાબા ખભાના ભાગે લોખંડની હથોડીના મરણતોલ ઘા મારેલ અને બીજા ઇસમે નાથાભાઇના પત્નીને ખાટલા ઉપરથી નીચે પછાડી, ઢસડી, તેમના શરીરે આડેધડ માર મારી, હાથે ફ્રેક્ચરની ઇજા કરેલ. આ દરમ્યાનમાં નાથાભાઇ તથા તેમના પત્નીએ રાડારાડ કરતાં, આ ત્રણ અજાણ્યા આરોપી ઇસમો લુંટ કર્યા વગર ભાગી ગયેલ. તે પહેલા રાત્રિ દરમ્યાન કોઇપણ સમયે ચિતલ ગામે અન્ય સાહેદોની એગ્રોની દુકાનમાંથી રોકડ રૂપીયા ૩૮,૫૦૦ તથા એલ.સી.ડી ટી.વી.તેમજ હાર્ડ ડીસ્ક ડી.વી.આર.ની ચોરી કરી તેમજ બીજા સાહેદોના ગેરેજની દુકાનમાં ચોરીની કોશીશ કરી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય, જે અંગે નાથાભાઇ લક્ષ્મણભાઇ મીરાલીયાએ અજાણ્યા ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ આપતા **અમરેલી રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૭૭૨/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૦૭, ૩૯૩, ૩૯૪, ૩૯૮, ૩૮૦, ૪૫૭, ૫૧૧, ૧૨૦બી, ૩૪, ૧૧૪** મુજબનો ગુન્હો રજી. થયેલ.

(૨) ગઇ તા.૩૧/૦૮/૨૦૨૨ ના રોજ રાત્રીના કોઇપણ સમયે કમલેશભાઇ બાબુભાઇ મીરોલીયા, રહે.ચિત્તલ વાળાના ઘરમાં કોઇ અજાણ્યા ચોર ઇસમોએ વંડી ટપીને મકાનના આંગણામાં પ્રવેશ કરી, ઘરના બે રૂમ તેમજ રસોડાના તાળા તોડી, ઘરમાં ગ્રુહઅપપ્રવેશ કરી, કબાટમાંથી કમલેશભાઇ મીરોલીયાની વાડીએ કામ કરતા મજુર કમલેશભાઇ જતલાભાઇ વસુનીયાની પત્નીનો ચાંદીનો હાર, વજન આશરે ૫૦૦ ગ્રામ, કિ.રૂ.૨૭,૫૦૦/- તથા તેમના ઘરમાં આવેલ મંદીરમાંથી કૃષ્ણ ભગવાનની પીત્તળની મૂર્તિ, કિ.રૂ.૨૦૦૦/- ની ઘરફોડ ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય જે અંગે કમલેશભાઇ વસુનીયાએ અજાણ્યા ચોર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ આપતા **અમરેલી રૂરલ પો.સ્ટે. એ. પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૪૨૨૦૮૬૫/૨૦૨૨, આઇ.પી.સી.કલમ ૩૮૦, ૪૫૭ મુજબ**નો ગુન્હો રજી. થયેલ.

ઉપરોક્ત ખુનની કોશિષ સાથે લુંટની કોશિષ તથા ઘરફોડ ચોરી જેવા ગંભીર ગુનાઓને અજાણ્યા આરોપીઓ દ્વારા અંજામ આપવામાં આવેલ હતાં.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ગંભીર અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ આ પ્રકારના ગંભીર અનડીટેક્ટ ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા અનડીટેક્ટ ગંભીર ગુનાઓના અજાણ્યા આરોપીઓ અંગે સઘન તપાસ કરવામાં આવેલ. શકદારોને ચેક કરવામાં આવેલ. આ ગુનાઓના ફરિયાદી તેમજ ભોગ બનનારની પુછપરછ કરી, આરોપીઓના વર્ણન અંગે માહિતી મેળવી, આવા વર્ણન વાળા ઇસમો અને આ પ્રકારના ગુનાઓ કરવાની એમ.ઓ. ધરાવતા આરોપીઓ અંગે તપાસ કરવામાં આવેલ. અનડીટેક્ટ ગુનાઓના આરોપીઓને પકડી પાડવાના સઘન પ્રયાસો દરમ્યાન બાતમી રાહે હકિકત મળેલ કે અમરેલી ઠેબી નદીના કાંઠે, ડેમ તરફ જવાના રસ્તે બે શંકાસ્પદ ઇસમો આંટાફેરા મારે છે, અને કોઇ મિલ્કત વિરૃધ્ધનો ગુનો આચરવાની તૈયારીમાં છે, તેવી હકીકત મળતાં તુર્ત જ એલ.સી.બી. દ્વારા મળેલ મળેલ બાતમી આધારે વર્ણન વાળા બે ઇસમોને પકડી પાડી, તેમની અંગઝડતી કરતાં, તેમની પાસેથી ચોરીનો ચાંદીનો હાર તથા મોબાઇલ ફોન મળી આવેલ. પકડાયેલ ઇસમોની સઘન પુછપરછ કરતાં તેઓએ ઉપરોકત અનડીટેક્ટ ગુન્હાઓને અંજામ આપેલ હોવાની ચોંકાવનારી કબુલાત આપેલ હતી.

➯ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**(૧) કમલેશ દલુ સીંગાર, ઉં.વ.૨૧, રહે.ગામ- ઉદયગઢ, ઇન્દ્રા કોલોની, તા.જોબટ, જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ, હાલ રહે.શેડુભાર, ચંદુભાઇ બોદરની વાડીએ, તા.જિ.અમરેલી.**

**(૨) દીવાન રેમસિંહ મોહનીયા (મુએલ), ઉં.વ.૨૨, રહે.ગામ- ઉદયગઢ, હટ્ટુ ફળીયા, થાના- ઉદયગઢ, તા.જોબટ, જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ, હાલ રહે.શેડુભાર, વિઠ્ઠલભાઇ ગજેરાની વાડીએ તા.જિ.અમરેલી.**

➯ **પકડાયેલ મુદ્દામાલઃ-**

**એક ચાંદીનો હાર વજન આશરે ૪૯૮.૫૦૦ ગ્રામ જેની કિં.રૂ.૨૭,૫૦૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૩ કિં.રૂ.૧૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૪૨,૫૦૦/- નો મુદ્દામાલ.**

➯ **પકડાયેલ આરોપીઓએ અન્ય ગુનાઓની પણ કબુલાત આપેલઃ-**

પકડાયેલ બંને ઇસમોની સઘન પુછપરછ કરતાં, તેઓ નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે .

(૧) આશરે ચાર-પાંચ મહિના પહેલા કમલેશ દલુ સીંગારએ પોતાના મિત્રો દીવાન રેમસિંહ મોહનીયા (મુએલ) તથા શેરૂ સીંગાર સાથે મળીને જામનગરના લાલપુર મુકામે માર્કેટની બાજુમાં આવેલ એક બિલ્ડીંગમાંથી ત્રણ મોબાઇલ ફોન અને રોકડા રૂપીયા ચાલીસ હજારની ચોરી કરેલ.

(૨) આજથી આશરે એકાદ મહિના પહેલા કમલેશ દલુ સીંગાર તથા દીવાન રેમસિંહ મોહનીયા (મુએલ) નાઓએ શેરૂ સીંગાર સાથે મળી, રાજકોટના પડધરી ગામે એક વાડીમાંથી કાળા કલરના સ્પ્લેન્ડર મોટર સાયકલની ચોરી કરેલ. પછી તે મોટર સાયકલ ધરાઇ વાવડી ગામ પાસે છોડી દીધેલ અને ત્યાં વાડીએ એક ઝુંપડામાંથી મોબાઇલ ફોનની ચોરી કરેલ.

(૩) આજથી આશરે એક મહિના પહેલા દીવાન રેમસિંહ મોહનીયાએ પોતાના મિત્રો  કમલેશ દલુ સીંગાર અને શેરૂ સીંગાર સાથે મળીને ચિત્તલની બાજુમાં આવેલ ખીજડીયા ગામે એક વાડીમાં આવેલ ઓરડીના દરવાજા ખોલી એક મોબાઇલ ફોન તથા તેલના ડબ્બાની ચોરી કરેલ.

(૪) આજથી આશરે સાતેક મહિના પહેલા કમલેશ દલુ સીંગાર તથા દીવાન રેમસિંહ મોહનીયા (મુએલ) નાઓએ શેરૂ સીંગારસાથે મળી રાજકોટના આજીડેમ વિસ્તારમાં એક ઝુંપડામાંથી બે મોબાઇલ ફોન તથા સાડાપાંચ હજાર રૂપીયાની ચોરી કરેલ.

(૫) ઉપરોક્ત બનાવના બે ત્રણ દિવસ પછી કમલેશ દલુ સીંગાર તથા દીવાન રેમસિંહ મોહનીયા (મુએલ) નાઓએ શેરૂ સીંગાર સાથે મળી રાજકોટના કાલાવાડ ગામે એક વાડીમાંથી મોબાઇલ ફોનની ચોરી કરેલ.

(૬) ગયા ચોમાસાના સમય દરમ્યાન કમલેશ દલુ સીંગાર તથા દીવાન રેમસિંહ મોહનીયા (મુએલ) નાઓએ શેરૂ સીંગાર સાથે મળી,જામનગર બસ સ્ટેશનની બાજુમાં આવેલ ઝુંપડામાંથી ત્રણ મોબાઇલ ફોન અને રોકડા રૂપીયા પંદર હજારની ચોરી કરેલ હતી.

પકડાયેલ આરોપીઓ મધ્યપ્રદેશના હોય, ખેત મજુરી અને છુટક મજુરી કામ કરવા ગુજરાત રાજ્યમાં અલગ અલગ સ્થળોએ ફરતા હોય, તેઓએ ઉપરોક્ત ગુનાઓ સિવાય અગાઉ ગુજરાત રાજ્યમાં અન્ય કોઇ જગ્યાએ આ પ્રકારના ગુનાઓ કરેલ છે કે કેમ, તે અંગે તપાસ હાથ ધરવામાં આવેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.